# ગૌશાળાઓમાં રહેલા ગૌધનની પ્રતિસંચારીત રોગોથી ગૌરક્ષા, ગૌસેવાની એક સુવર્ણ તક

ડૉ. ભાર્ગવ જે. સોલંકી[1] , ડૉ. વિશ્વાસ બી. ગોહિલ[2]
[1]મદદનીશ પ્રાધ્યાપક વૃંદાવન પોલીટેક્નિક અને એનિમલ હસબંડરી, જસદણ, ગુજરાત
[2]મદદનીશ પ્રાધ્યાપક અરાવલી વેટેરીનરી કોલેજ, શીકર, રાજસ્થાન

DOI:10.5281/Vettoday.18089243

- **પ્રસ્તાવના:-**

ગૌશાળા એ માનવીની જીવનશૈલીનો એક અભિન્ન ભાગ છે. વિશેષ કરીને ગુજરાતમાં અનેક ગૌશાળાઓ કાર્યરત છે. જ્યાં અસહાય, વૃધ્ધ અને અશક્તિશાળી ગાયઓને આશરો આપવામાં આવે છે. આસ્થાના કેન્દ્ર રૂપે તેઓ માનીતા છે, પરંતુ આ સ્થાનોમાં પ્રતિસંચારીત રોગોની શકયતા વધુ હોય છે. આજના યુગમાં, "એક આરોગ્ય" (One Health) અભીગમ વધુ મહ્ત્વ પામે છે, જે કહે છે કે માનવ આરોય, પશુ આરોગ્ય અને પર્યાવરણીય આરોગ્ય સંપૂર્ણ પણે એકબીજા સાથે જોડાયેલા છે. એટલે જ્યાંરે આપણે ગૌશાળાઓમાં ગાયઓની સારવાર કરીએ છીએ, ત્યાંરે આપણા પર માનવ સમુદાય માટેના રોગોનું નિયંત્રણ કરવાની પણ જવાબદારી હોય છે. જો કોઈ પણ પ્રતિસંચારીત રોગનો સમયસર નિદાન અને સમયસર યોગ્ય સારવાર નો લેવામાં આવે તો સ્થળ બેકટેરીયા, વાયરસ કે પરોપજીવીઓના સંગ્રાહક તરીકે કાર્ય કરી શકે છે અને સમગ્ર પર્યાવરણ તંત્ર માટે જોખમરૂપ બની શકે છે. ત્યારે આવા સંસ્થાનોમાં રોગ પ્રતિકારક વ્યવસ્થા અને આરોય સુરક્ષા એક આવશ્યક મુદો બની જાય છે.

- **પ્રતિસંચારીત (ઝૂનોસીસ) રોગો એટલે શું?**

પ્રતિસંચારીત એ એવા રોગો છે કે જે ગૌશાળા અથવા અન્ય કોઈ પ્રાણીઓમાંથી માનવ શરીરમાં પ્રવેશી શકે છે. આ રોગો વાયરસ, બેકટેરીયા, ફૂગ અને પરોપજીવીથી પેદા થાય છે. રેબીઝ (હડકવા), લીસ્ટરિયોસીસ, બ્રુસેલોસીસ, ટ્યુબરકયુર્લોસીસ(ક્ષયરોગ), સાલમોનેલોસીસ અને ઇ.કોલી જેવા રોગો ખાસ કરીને ગાયોમાં સામાન્ય હોય છે અને માણસમા ગંભીર સ્વાસ્થસબંદ્ધિત જોખમ ઊભું કરે છે.

પ્રતિસંચારીત રોગો ઘણાં વખત તો લક્ષણવિહીન હોય છે, એટલે ગાય બીમાર હોવાનો સંકેત વગર પણ ચેપ ફેલાઈ શકે છે. આવા રોગો ખોરાક, પાણી, સ્પર્શ કે શ્વાસ વડે પણ ફેલાઈ શકે છે. આવા રોગોના નિયંત્રણ વગર, આપણું આરોગ્ય તથા સમગ્ર સમાજ માટે મોટી આરોગ્યની સમસ્યા ઊભી થઇ શકે છે.

આ સંસ્થાઓમાં ગાયઓની સંખ્યા વધુ હોય છે અને ઘણી વખત, પર્યાપ્ત તબીબી સુવિધાઓ અને કૃશળ કર્મચારીઓનો અભાવ રહે છે. ઘણી વખત વૃધ્ધ, લાચાર અથવા

બીમાર ગાયઓને અહી લાવવામાં આવે છે, જેના કારણે રોગની સંભાવના વધુ વધી જાય છે. સાફ-સફાઈની અછત, દૂધ-મૂત્ર ના અવ્યવસ્થિત સંભાળ અને મશીનરીની ઉણપ જેવી પરિસ્થિતી માં આ રોગો ઝડપથી ફેલાઈ શકે છે. જો આ રોગોના સામે યોગ્ય પગલાં ન લેવાય તો તેઓ ગાયઓ સુધી મર્યાદીત રહેતા નથી, પરંતુ કર્મચારીઓ અને મુલાકાતીઓને પણ ચેપ લાગવાનો ભય રહેલો છે.

- **જાહેર આરોય માટે જોખમ**:-

ગૌશાળાઓ માત્ર ગાય સંભાળના કેન્દ્ર નથી, પરંતુ હજારો લોકો દરરોજ ત્યાં દર્શન, સેવા અથવા કામ માટે આવે છે. જો રોગિનયંત્રણ યોગ્ય રીતે કરવામાં ન આવે તો આ સ્થળ માનવ આરોય માટે જોખમ પણ બની શકે છે. દૂધ, દહીં કે ગૌમૂત્ર જેવી વસ્તુઓ ચેપગ્રસ્ત ગાયોમાંથી મળે તો તે વસ્તુઓના સેવનથી પણ માણસોને રોગ લાવી સકે છે. આ સિવાય સૂક્ષ્મ જંતુઓ (માઇક્રોઓર્ગેનિસમ) વાળા પર્યાવરણમાં રહેવાથી પણ માનવી ચેપગ્રતસ્ત થઈ શકે છે.

- **પ્રતિસંચારીત રોગ ફેલાવા માટેના કારણો**:-

✓ રોગીષ્ટ ગાયોના સતત સંપર્કમાં રહેવાથી
✓ કાચું-ઉકળ્યાં વગરનું દૂધ અને તેમાંથી બનતી વિવિધ બનવતોનો ઉપયોગ કરવાથી
✓ ગાયઓને દૂષિત ખોરાક આપવાથી
✓ શ્વસન દ્વારા હવામાં રહેલા જંતુઓ દ્વારા
✓ રોગગ્રસ્ત ગાયઓના લોહી, મળ-મૂત્ર વગેરે થી
✓ ચામડી પર પડેલા ઘા કે ઉજરડા થી
✓ અમુક કિટકોના કરડવાથી (જે ગાયઓના શરીરમાં લોહી ચૂસીને પછી માનવીને કરડવાથી ગાયના લોહી સાથે અવતા જંતુઓ માનવીના શરીરમાં પ્રવેશે છે).



- **નિયંત્રણ માટે શકય પગલાં**:-

**૧.હેલ્થ ચેકઅપ અને રોગ નીદાન:** દરેક ગાય માટે નિયમીત આરોગ્ય ચકાસણી ખૂબ જ જરૂરી છે. દર મહિને તબીબી નિરીક્ષણ અને શંકાસ્પદ ગાયઓ માટે અલગ ક્વોરન્ટાઇન ઝોન બનાવવો જોઇએ. ચેપગ્રસ્ત ગાયઓને તાત્કાલિક અલગ રાખીને યોગ્ય સારવાર આપવી.

**૨.રસીકરણ કાર્યક્રમો:** પ્રતિસંચારીત રોગો સામે રસીકરણ એ સૌથી અસરકારક બચાવ પગલું છે. ગાયઓને રેબીઝ, બ્રુસેલોસીસ અને ખરવા મૌવા જેવી બીમારીઓ સામે નિયમીત વેક્સિનેટ કરવું જોઇએ.

**3.સત્વર દૂધ ચકાસણી અને પાસ્ટુરાઇઝેશન:** ગૌશાળાઓમાં મળતું દૂધ કાચું ન પીવાય તે માટે દૂધનું પાસ્ટુરાઇઝેશન (૭૨° સેલ્સિયસ તાપમાને ઉકાળવું) આવશ્યક છે. દૂધમાંથી ચેપી બેકટેરિયા દૂર કરવા માટે એ પ્રક્રીયા અનીવાર્ય છે.

**૪.<u>સફાઈ અને ડીસઇન્ફેકશન વ્યવસ્થા</u>:** દરરોજ તટસ્થ અને અસરકારક રીતે ગાયઓના ગમાણ, પશુઓના ઊભવા-બેસવાના સ્થળો, પાણીના તળાવ, દૂધ વહી જતાં પાઈપલાઈનો ડીસઇન્ફેકટ કરવું જોઇએ. મચ્છર, માખી અને ઊંદરો જેવા સૂક્ષ્મ થી માંડીને મોટા જંતુઓને દૂર કરવા.

**૫.<u>કર્મચારીઓ માટે તાલીમ અને પર્સનલ પ્રોટેકશન</u>:** ગાય સંભાળનાર કર્મચારીયો માટે પ્રતિસંચારીતા વિષે જાગૃતિ ફેલાવવી માસ્ક,હાથમોજા અને નિયમીત હાથ ધોવાની આદત બનાવવી જરૂરી છે.

**૬.<u>જન જાગૃતિ કાર્યક્રમો અને મુલાકાતીઓ માટે માર્ગદર્શિકા</u>:** દરરોજ ગૌશાળામાં આવતા દર્શનાર્થીઓને રોગચાળાથી બચવા માટેના માર્ગદશન્ આપવુ જોઈએ. સાદી ભાષામાં લખેલી સૂચનાઓ, પોસ્ટર અને ઓનલાઇન જન જાગૃતિ અભિયાન શરૂ કરી શકાય.

**૭.<u>ડિજીટલ રેકોર્ડીંગ સિસ્ટમ</u>:** ગાયઓના આરોગ્યના રેકોર્ડ, રસીકરણ, તબીબી ઇતિહાસ ડિજીટલ ફોર્મમાં રાખવાથી સમયસર પગલાં લેવામાં સરળતા રહે છે.

- **<u>ભવિષ્ય માટેની દિશા</u>:-**



આજે આપણે પ્રતિસંચારીત રોગોની ગંભીરતા સમજીને ગૌશાળાઓમાં આરોગ્ય વ્યવસ્થા મજબૂત કરવી પડશે. સરકાર, નગરપાલિકા, પશુપાલન વિભાગ અને નોન ગવર્મેન્ટ ઓર્ગેનાઈજેશન (NGO) એકસાથે આવી ને આયોજનબધ્ધ કામગીરી શરૂ કરે તો મોટા પ્રમાણમાં રોગચાળાને અટકાવી શકાય છે.

"One Health" અભીગમ મુજબ માણસ, પશુ અને પયાવરણ – ત્રણે પરસ્પર જોડાયેલા છે. એકનું આરોગ્ય બીજાની સ્થિરતા પર આધાર રાખે છે. જો આપણે પશુઓનું આરોગ્ય સાચવી શકીશું તો માનવ સમાજ પણ વધુ સુરક્ષિત રહેશે.

- **<u>નિષ્કર્ષ</u>:-**

ગૌશાળાઓમાં વિધિવત આરોગ્ય નિયંત્રણ, રસીકરણ કાર્યક્રમો, સમયાંતરે હેલ્થ ચેકઅપ, સ્વછતા અને ડીસઇન્ફેકશનની વ્યવસ્થા તેમજ કર્મચારીઓને તાલીમ આપવી — આ બધું રોગ નિયંત્રણના પાયાના તત્વો છે. જો આવી વ્યવસ્થાઓને યોગ્ય રીતે અમલમાં મુકવામાં આવે, તો એ માત્ર રોગોના અટકાવમાં નહિ પણ ગાયઓના કલ્યાણ અને માનવજાત માટે પણ ફાયદાકારક નીવડી શકે છે.

આખરે, ગૌશાળાઓ માનવતાનું પ્રતિબીંબ છે – પણ સાથે સાથે તે આરોગ્યનું કેન્દ્ર પણ બને, એ માટે આપણે ગંભીર રીતે પ્રયત્ન કરવો પડશે. ભવિષ્યમાં જો આપણે રોગચાળાના જોખમથી બચવું છે, તો આરોયનું

વિજ્ઞાન, વ્યવસ્થાપન અને જાગૃતિ – ત્રણેની સમજૂતી અને અમલ જરૂરી છે.